# F4૪.૩.૧. આગમ સંકલિત કથાઓ.

ભારતદેશની આર્ય સંસ્કૃતિને જીવંત રાખનાર આપણા ધર્મો છે. આ ધર્મોમાં કથા સાહિત્ય પ્રાચીન કાળથી જ ચાલ્યું આવે છે. આપણાં દેશનું કથા સાહિત્ય અતિ સંપન્ન છે. જૈન ધર્મના આગમ સાહિત્યમાં અનેક કથાઓ, વાર્તાઓ, આખ્યાન, દૃષ્ટાંત, ઉપમા, ઉદાહરણ આદિ મળે છે. શિક્ષાપ્રદ હોવાની સાથે સાથે પ્રેરણાદાયક અને બોધદાયક પણ હોય છે.

પ્રાચીન જૈન આગમોમાં કથા–સાહિત્યની દૃષ્ટિથી 'નાયાધમ્મ કહા'ઓનું અત્યંત મહત્વપૂર્ણ સ્થાન છે. તેમાં મેઘકુમાર (એનો હાથી તરીકેનો પૂર્વભવ), ધન્યશેઠ અને વિજય ચોર, સ્થાપત્યાપુત્ર(થાવચ્ચાપુત્ત), શૈલક રાજર્ષિ, દ્રૌપદી (પૂર્વ ભાવ અને હરણ), સુંસુમા, પુંડરીક અને કંડરીક, મલ્લિનાથ, (૧૯માં તીર્થંકર), માંદકીના બે પુત્રો, નંદ મણિયાર (દેડકા તરીકેનો ભવ) અને પ્રધાન તેતલીપુત્ર.

ઉપનયની દૃષ્ટિએ નીચે મુજબની કથાઓને અહી સ્થાન અપાયું છે :– મોરનાં ઇંડા, બે કાચબા, તુંબડું, ડાંગરનાં પાંચ દાણા, ચન્દ્ર, 'દાવદ્રવ' નામનું વૃક્ષ, જળનું ઉદાહરણ, નંદીફળ અને કુલીન ઘોડો વગેરે બતાવી છે.

ભગવાન મહાવીર સ્વામી વિચરતા મૃગ ગામમાં પધાર્યા છે. પ્રભુની પવિત્ર વાણી સાંભળી જનતા 'ધન્ય' બની ગઈ છે. મધ્યાહ્ન સમયે પ્રભુની આજ્ઞા લઈ ગુરુ ગૌતમસ્વામીજી ગોચરી વહોરવા પધાર્યા છે. પાછા ફરતાં ગુરુ ગૌતમસ્વામી એ દુ:ખથી રીબાતા એક વૃદ્ધને જોયો... અવસ્થાના કારણે તેના અંગોપાંગ ક્ષીણ થયાં હતાં. હાલવા–ચાલવાની શક્તિ પણ તે ગુમાવી બેઠો હતો. અધૂરામાં પૂરૂ કોઢ રોગ તેની કાયાને ઘેરી વળ્યો હતો. માખીઓએ એના પૂરા દેહ ઉપર કબજો જમાવ્યો હતા. આંખો બળેલી કોડી જેવી તગતગી રહી હતી. જીવતું હાડપિંજર પડયું હતું. શરીરમાં બળતરાના કાળોતરા ડંખાઇ રહ્યા હતા. ભયંકર ચીસ નીકળતી ત્યારે દિશાઓ પણ સ્તબ્ધ બની જતી. 'ભયંકર દુ:ખી... આવું દુ:ખ દુશ્મનને પણ ન હજો' એવી વાત જમસમૂહના મુખમાંથી એક સાથે નીકળી જતી. ગૌતમ સ્વામીજી તો આ દશ્ય જોઈને ડઘાઈ ગયા. દુ:ખીના દુ:ખને વાગોળતા ભગવાન પાસે પહોંચી ગયા. 'ભન્તે! આજ સુધી આવા દુ:ખી જીવને મેં જોયો નથી. એ દિલધડક દશ્ય તો હૈયાને હચમચાવી રહ્યું છે. પ્રભો ! સમસ્ત સંસારનો આવો દુ:ખી જીવ ક્યાંય જોવા નહિ મળે... ભદન્ત! આ દશ્ય જોયા પછી તો મારૂ દુ:ખ અનેકગણું વધી રહ્યું છે.' ગૌતમસ્વામીજીએ એક શ્વાસે બધુ બોલી ગયા.

'ગૌતમ! આના કરતાં પણ વધુ દુ:ખી જીવ મૃગાવતીનો પુત્ર છે. તું પ્રત્યક્ષ જોઈશ, પછી જ તને કર્મના પરિણામ સમજાશે?' મહાવીર સ્વામીએ સત્ય વસ્તુ સમજાવી.

'પ્રભો! આપ આજ્ઞા આપો...' પ્રભુની આજ્ઞા પામી ગૌતમસ્વામીજી પધાર્યા. મૃગાવતીના આંગણે,

'શ્રાવિકા! હું તમારા પુત્રને જોવા આવ્યો છું... અને તે પણ હું તમારા પ્રથમ નંબરના પુત્રને જોવા આવ્યો છે. પ્રભુએ મને મોકલ્યો છે.'

ગૌતમસ્વામીજીની વાણી સાંભળી મૃગાવતી વિહ્વિલ બની ગઈ. સાક્ષાત્ પાપની મૂર્તિ જેવા એ પુત્રને જોઈ મા પોશ આંસુએ રડતી હતી. કયાં ભવનાં કર્મ ઉદયમાં આવ્યાં છે તે તેને સમજાતું ન હતું. થોડી ક્ષણો મૌન રહ્યા પછી મૃગાવતી બોલી.

'પ્રભો ! તે પુત્ર તો ભોંયરામાં છે... થોડી ક્ષણો થોભી જાઓ. પછી મુખે વસ્ત્ર બાંધી આપ ભોંયરામાં પધારો... એની દુર્ગંધ સહન થઈ શકે તેવી નથી... કયા ભવનાં પાપકર્મ ઉદય આવ્યો છે તે સમજાતું નથી...'

મૃગાવતી ભોંયરામાં ગયાં. બારી બારણાં બંધ હતાં તે ખોલ્યાં ધૂપ કર્યો. પછી ગૌતમસ્વામીજીને પધારવા કહ્યું.

ગૌતમસ્વામીજી જ્યાં ભોંયરામાં ગયા ત્યાં જ હાથ, પગ, નાક, આંખ વગરના ખરલમાં વાટવાના પથ્થર જેવા મૃગાપુત્રને જોઈ. પ્રવાહી વસ્તુ મૃગાવતીજી એના શરીર ઉપર ચોંપડતી થોડીવારમાં તે વિપરિણામ પામી દુર્ગંધ પદાર્થરૂપે બહાર નીકળી જતો.

'અરે ! ભગવાને જે કર્મના પરિણામ કહ્યાં તે તો મૂર્તિમંત અહીં જોવા મળે છે... ગુરુ ગૌતમસ્વામીજીતો આશ્ચર્યચકિત બનેલા પહોંચ્યા પ્રભુ પાસે...'

'પ્રભો ! પ્રભો ! આ તો ક્યારેય જોયું ન હતું. ક્યારેય અનુભવ્યું ન હતું. કેવા કર્મના પરિણામ? ભગવાન ! ફરમાવો ! આ જીવે પૂર્વે કેવાં કર્મ બાંધ્યા હશે ?' અને પછી ભગવંત તેનો પૂર્વભવ અને અનેક તેના પાપાચરણો જણાવી જીવને અનાસક્ત બનાવવાની આંગળી ચીંધે છે. આગમોની વ્યાખ્યાઓમાં પણ કથા મળે છે.

# F4 ૪.૩.૨. વસુદેવહિંડી કથાઓ

વસુદેવહિંડીમાં કૃષ્ણના પિતા વસુદેવના ભ્રમણનો વૃત્તાન્ત છે. એટલે આને વસુદેવચરિત પણ કહેવામાં આવે છે. આ કૃતિ કથા–સાહિત્યમાં અતિ પ્રાચીન માનવામાં આવે છે.

<u>વસુદેવહિંડી કથાનક</u>

વસુદેવહિંડીમાં કહુપ્પત્તિમાં જંબૂસ્વામિચરિત, જંબૂ અને પ્રભવનો સંવાદ, કુબેરદત્તચરિત, મહેશ્વરદત્તનું આખ્યાન, વલ્કલચીરિ, પ્રસન્નચંદ્રનું આખ્યાન, બ્રાહ્મણ દારકની કથા, અણાદૃતદેવની ઉત્પત્તિ, આદિનું વર્ણન છે. અનંતમાં વસુદેવચરિતની ઉત્પત્તિ બતાવવામાં આવી છે.

ત્યાર બાદ ધમ્મિલનું ચરિત વર્ણવ્યું છે. વિવાહ થયા પછી ધમ્મિલકુમાર રાત્રિના સમયે લખવા–વાંચવામાં વ્યસ્ત રહેતો હતો. માતા તેની ખબર પડી ત્યારે તેને લખવા–વાંચવાનું બંધ કરાવી પોતાના પુત્રનું ધ્યાન નવવિવાહિતા વધૂની તરફ આકર્ષિત કરવાના પ્રયત્નો કર્યા, પરિણામે તે વેશ્યાગામી થઈ ગયો. અને ગોષ્ઠીના સદસ્યો સાથે તે ઉદ્યાન, કાનન, સભા અને વનોમાં આનન્દપૂર્વક સમય વીતાવવા લાગ્યો અને પોતાની પત્નીને છોડીને વસન્તિલકા નામની ગણિકાના ઘરમાં રહેવા લાગ્યો આથી મા અને સ્રીને બહુ દુઃખ થયું.

ધમ્મિલને અગડદત્તમુનિના દર્શન થયા. તેમણે તેના પૂર્વભવનો વૃત્તાંતની સંભળાવ્યો, અને અનેક કુલકન્યાઓ સાથે વિવાહ કર્યા. વસન્તસેનાને જ્યારે ખબર પડી ત્યારે તેણે આભરણો, વસ્રો આદિ બધાનો ત્યાગ કરી દીધો.

આજ રીતે પીઠિકામાં પ્રદ્યુમ્ન અને શાંબકુમારની કથાનો સંબંધ, મુખ નામના અધિકારમાં શાંબ અને ભાનુની ક્રીડાઓનું વર્ણન છે. પ્રતિમુખમાં અન્ધકવૃષ્ણિનો પરિચય આપતા તેના પૂર્વભવોનો સંબંધ બતાવવામાં આવ્યો છે. શરીર અધ્યયનનો પ્રારંભ સામા–વિજયાના સંવાદથી શરૂ થઈ અન્તમાં વસુદેવના કેતુમતીની સાથે વિવાહ થાય છે તેનું વર્ણન છે.

આ ગ્રંથમાં બે ખંડ છે. પહેલા ખંડમાં ૨૧ લમ્ભક, ૧૧,૦૦૦ શ્લોકપ્રમાણ છે અને બીજા ખંડમાં ૭૧ લમ્ભક ૧૭,૦૦૦ શ્લોકપ્રમાણ છે. પ્રથમખંડના કર્તા સંઘદાસગણિ વાચક અને બીજા ખંડના કર્તા ધર્મસેનગણિ છે.

કથાનું વિભાજન ૧૦ અધિકારોમાં કરવામાં આવ્યું છે. 'કહુપ્પત્તિ' (કથાની ઉત્પત્તિ), 'પીઠીયા' (પીઠિકા), 'મુહ' (મુખ), 'પડિમુખ' (પ્રતિમુખ), 'સરીર' (શરીર) અને 'ઉવસંહાર' (ઉપસંહાર) વગેરે અધિકારમાં છે.

સંઘદાસગણિનો સમય ઈસવીસન્ ની લગભગ પાંચમી શતાબ્દી માનવામાં આવે છે.

આ કથામાં શૃંગારકથાની મુખ્યતા હોવા છતાં પણ વચ્ચે વચ્ચે ધર્મનો ઉપદેશ આપવામાં આવ્યો છે. બીજા ખંડ અનુસાર વસુદેવે સો વર્ષ સુધી પરિભ્રમણ કરતા રહ્યા અને સો કન્યાઓ સાથે તેમણે વિવાહ કર્યા.

<u>ભાષા</u> વસુદેવહિંડી પદ્યાત્મક સમાસાંત પદાવલિમાં લખવામાં આવી છે. વચ્ચે પદ્ય આવે છે. ભાષા સરળ, સ્વાભાવિક અને પ્રસાદગુણયુક્ત છે. ભાષા પ્રાચીન મહારાષ્ટ્રી પ્રાકૃત છે. દેશી શબ્દોનો પ્રયોગ પણ મળે છે. વસુદેવના ભ્રમણની કથાની સાથે તેમાં અનેક અન્તર્કથાઓ છે જેમાં તીર્થંકરો તથા અન્ય શલાકાપુરૂષોના જીવનચરિત પણ છે. વચ્ચે વચ્ચે અણુવ્રતના ગુણદોષ, પરલોકની સિદ્ધિ, મહાવ્રતોનું સ્વરૂપ, માંસભક્ષણમાં દોષ, વનસ્પતિમાં જીવની સિદ્ધિ, આદિ જૈન ધર્મસંબંધી તત્ત્વોનું વિવેચન છે.

# F4 ૪.૩.૩. ઉપદેશમાલાની કથાઓ.

વિશ્વભરમાં સેંકડો વિષયોનું અનેક ભાષાઓમાં પુષ્કળ સાહિત્ય જોવા–વાંચવા મળતું હોય છે. જગતભરની માહિતિ હવે મીનીટોમાં જોવા મળે છે. પરંતુ આ બધા માહિતિઓના મોટા ઢગલાં વચ્ચે ખરેખર જીવને કયું વાંચન કઈ જાણકારી આશીર્વાદરૂપ થાય? કઈ સામગ્રી અંગત જીવનને આગળ વધારનારી બને તે માટે જૈન ધર્મનું કથાસાહિત્ય એકવાર જાણવું જોઈએ. આમ તો ધર્મદેશના જૈન કથા–સાહિત્યનું મુખ્ય અંગ છે. સંયમ, શીલ, દાન, તપ, ત્યાગ અને વૈરાગ્યની ભાવનાઓની આમાં મુખ્યતા રહી છે. જૈનધર્મના ઉમદા અને ઉદાત્ત ઉપદેશોનો પ્રચાર કરવાને માટે જૈન આચાર્યોએ આ સાહિત્યની રચના કરી છે. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે ઉપદેશમાલા નામના અનેક ગ્રંથોની રચના થઈ.

મહામુનિ ધર્મદાસ ગણિ, પદ્મસાગરજી તથા મલધારિ હેમચન્દ્રાચાર્યજીએ ઉપદેશમાલા રચી.

jainuniversity.org

## ઉપદેશમાલા

ઉપદેશમાલાના કર્તા ધર્મદાસગણિએ પૂર્વ ઋષિઓના દૃષ્ટાંત પૂર્વક જિનવચનના ઉપદેશોને આમાં ગુંફિત કર્યા છે.

પરિમાણ, કથામાં કુલ મળીને ૫૪૨ પ્રાકૃત ગાથાઓ છે. જેમાં ૭૦ કથાઓ ગુંફિત છે. ગ્રંથકારે આ કૃતિને શાંતિ આપવાવાળી, કલ્યાણકારી, મંગલકારી, જણાવી છે.

કર્તાનો સમય ઈ.સં.ની ચોથી પાંચમી શતાબ્દીનો વિદ્વાનો જણાવે છે.

વિભાગ આ કથામાં ચાર વિશ્રામ અધ્યાય છે.

### વિષયવસ્તુ

પહેલા વિશ્રામમાં, રણસિંહ, ચંદનબાલા, પ્રસન્નચન્દ્ર રાજર્ષિ, ભરત અને બ્રહ્મદત્ત ચક્રી, આદિની કથાઓ છે.

બીજા વિશ્રામમાં, મૃગાવતી, જમ્બૂસ્વામી, ભવદેવ, કુબેરદત્ત, મકરદાઢા વેશ્યા, ભીતાચાર્ય, ચિલાતિપુત્ર, હરિકેશ, વજ્રસ્વામી, વસુદેવ, આદિની કથાઓ છે. જમ્બૂસ્વામીની કથામાં યોગરાજ અને એક પુરુષનો સંવાદ છે.

ત્રીજા વિશ્રામમાં, શાલિભદ્ર, મેતાર્યમુનિ, પ્રદેશી રાજા, કાલકાચાર્ય, વાસ્રક મુનિ, સાગર ચન્દ્ર, ગોશાલક, શ્રેણિક, મહામંત્રિ ચાણક્ય, આર્ય મહાગિરિ, અગ્નિકાપુત્ર, ચાર પ્રત્યેક બુદ્ધ આદિની કથાઓ છે તથા,

ચતુર્થ વિશ્રામમાં, શેલકાચાર્ય, પુંડરીક–કંડરીક, દર્દુર, શુલશા, જમાલિ આદિની કથાઓ છે.

આ ઉપદેશના મહત્વપૂર્ણ ગ્રંથ પર અનેક વિદ્વાનોએ ટીકાઓની રચના કરી છે.

આ સિવાય ઉપદેશાત્મક કથાઓમાં જે ઉપદેશમાલાઓ મળે છે. તે જયસિંહસૂરિ અને યશોદેવસૂરિ આદિએ ધર્મોપદેશમાલા નામના પૃથક્ પૃથક ગ્રંથોમાં રચના કરી.

આચાર્ય જયકીર્તિએ શીલોપદેશમાલા લખી.

આ. હરિભદ્રસૂરિએ ઉપદેશક, આ. મુનિસુંદરસૂરિએ ઉપદેશરત્નાકર, આસકે ઉપદેશકંદલિ આદિ ઉપદેશકાત્મક ગ્રંથો લખ્યા છે.

આ કથાઓમાં ત્યાગ વૈરાગ્યમૂલક પૂર્વ ઋષિઓના દૃષ્ટાંતપૂર્વક જિનવચનના ઉપદેશોને ગુંફિત કરવામાં આવ્યા છે. આ કથાઓને વૈરાગ્યપ્રધાન કથા કહેવામાં આવે છે. જે સંયમ અને તપમાં પ્રયત્ન ન કરવાવાળી વ્યક્તિઓને સુખકર હોતી નથી.

# F4 ૪.૩.૪. જૈન ધર્મની પ્રાચીન કથાકૃતિ – સમરાઈચ્ચકહા.

'સમરાઈચ્ચકહા'ને 'સમરાદિત્યકથા' પણ કહેવામાં આવે છે. ઉજ્જૈનના રાજા સમરાદિત્ય અને પ્રતિનાયક અગ્નિશર્માના નવ નવ ભવોનું વર્ણન છે.

કર્તા સમરાઈચ્ચકહા (કથા)ના કર્તા યાકિનીમહત્તરાના પુત્ર વિશદ હરિભદ્રસૂરિ છે. આ. હરિભદ્રસૂરિ ચિત્તૌડના રહેસી હતા. સંસ્કૃત અને પ્રાકૃતના મોટા વિદ્વાન હતા.

સમય તેમનો સમય ઈસવીસન્‌ની આઠમી શતાબ્દીનો છે.

કથાવસ્તુ આ કથામાં વેર–ઝેર–દ્વેષ–ઈર્ષ્યાના કારણે વેઠવી પડતી અનેક વિડંબનાઓવાળા સંસારમાં પિતા–પુત્ર, પુત્ર–માતા વગેરે નવ–નવ ભવો સુધી પથરાયેલી સંસારની વિચિત્રતા બતાવતાં તેમના ચરિત્રોનું વર્ણન છે જેમાં સંસારનો ત્યાગ કરીને જૈન દીક્ષા ગ્રહણ કરી લે છે. વચ્ચે વચ્ચે અનેક ધાર્મિક આખ્યાનો પણ વણી લેવામાં આવ્યા છે. જેનાથી કર્મ, ધર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતોનું સમર્થન થાય છે.

ભાષા જૈન મહારાષ્ટ્રી પ્રાકૃતમાં લખવામાં આવી છે, અનેક જગ્યાએ શૌરસેનીભાષાનો પ્રભાવ પણ જોવા મળે છે. પદ્યભાગ આર્યાછન્દમાં લખવામાં આવ્યો છે, દ્વિપદી, વિપુણા આદિ છંદોનો પણ પ્રયોગ મળે છે. ભાષા સરળ અને પ્રવાહબદ્ધ છે. વર્ણન કરતી વખતે લાંબા સમાસો અને ઉપમા આદિ અલંકારોનો પણ પ્રયોગ થયેલો જોવા મળે છે.

પહેલાં ભવમાં સમરાદિત્યનું નામ રાજકુમાર ગુણસેન હતું. અગ્નિશર્મા તેના પુરોહિતનો પુત્ર હતો તે અત્યન્ત કુરૂપ હતો. રાજકુમાર, બ્રાહ્મણપૂત્ર અગ્નિશર્માની મજાક, હાંસી અને પીડા કરતો હતો તેનાથી તેને ઘણું ખરાબ લાગ્યું અને તેણે જન્મ–જન્માંતર ગુણસેનના શત્રુ બનીને તેની હિંસા કરવાનું નિદાન બાંધ્યું. અને અગ્નિશર્મા નવ જન્મો સુધી ગુણસેન સાથે વેરનો બદલો લે છે.

બીજા ભવમાં અગ્નિશર્મા રાજા સિંહકુમારનો પુત્ર બની ગુણસેનનો બદલો લે છે.

ત્રીજા ભવમાં અગ્નિશર્માનો જીવ જાલિની બનીને પોતાના પુત્રના રૂપમાં ઉત્પન્ન થયેલા ગુણસેનનો જીવ શ્રી કુમારને વિષ આપીને વેરનો બદલો લે છે.

ચોથા ભવમાં ગુણસેન અને અગ્નિશર્મા ધન–ધનશ્રી, પતિ–પત્ની બની પૂર્વ જન્મનો બદલો લે છે.

પાંચમાં ભવમાં ગુણસેનનો જીવ જય અને અગ્નિશર્મા નો જીવ વિજય બને છે બન્ને સગા ભાઈઓ છે. વિજય તેની હત્યા કરી બદલો લે છે.

છઠ્ઠા ભવમાં ગુણસેન અને અગ્નિશર્મા ધરણ અને લક્ષ્મી પતિ–પત્ની બને છે. લક્ષ્મી ધરણ સાથે વેર લેવાનો પ્રયત્ન કરે છે. પણ સફળ થતી નથી.

સાતમાં ભવમાં ગુણસેન અને અગ્નિશર્માનો જીવ સેન અને વિષેણનો જીવ ધારણ કરે છે. નાના ભાઈઓ હોય છે. વિષેણ સેન, સાથે બદલો લેવાનો પ્રયત્ન કરે છે પણ સફળ થતો નથી.

આઠમાં ભવમાં ગુણસેનનો જીવ ઉજ્જૈનીમાં સમરાદિત્ય તરીકેનો અને અગ્નિશર્મા ગિરિસેન ચાંડાલનો જન્મ ધારણ કરે છે ગિરિસેન સમરાદિત્યનો વધ કરીને તેની સાથે બદલો લેવા ઈચ્છે છે પરંતુ અસફળ રહે છે.

ગુણસેનનો જીવ પ્રત્યેક ભવમાં ક્ષમા ધર્મનો જ આશરો લે છે. અને અગ્નિશર્માનો જીવ ક્રોધમાં ને દ્વેષમાં તેના ગુણાકાર કરતો અંતે પરાભવ પામતો રહે છે. અંતે સમહાદિત્ય સાધુ ધર્મની આરાધના કરી સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી મોક્ષે પધારે છે. અને અગ્નિશર્માનો જીવ સંસારમાં અનેક દુ:ખો ભોગવતો રહે છે.